પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૨૧ | ૨ ફેબ્રુઆરી, ૨૦૧૯, શનિવાર; પોષ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અંદાજપત્રમાં મધ્યમવર્ગ માટે 'અચ્છેદિન'

- પાંચ લાખ વાર્ષિક આવક સુધી કોઈ ટેક્સ નહિ
- ગ્રેજ્યુઈટી મર્યાદા વધારીને ૨૦ લાખ કરાઈ
- ખેડૂતોને દર વર્ષે ૬૦૦૦ રૂપિયા સીધા બેંકમાં જમા થશે
- મકાન ખરીદી માટે જીએસટીમાં રાહત અપાશે
- સંરક્ષણ ક્ષેત્રે પ્રથમવાર ત્રણ લાખ કરોડની જોગવાઈ
- રેલવે માટે વિક્રમી ૧.૫૮ લાખ કરોડની જોગવાઈ



નવીદિલ્હી,તા. ૧ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે આજે પોતાની વર્તમાન અવધિમાં અંતિમ બજેટને રજૂ કરતી વેળા મધ્યમ વર્ગ, ખેડૂતો સહિત તમામ વર્ગ માટે શ્રેણીબદ્ધ રાહતો જાહેર કરી હતી. રાહતોનો વરસાદ કરીને તમામ વર્ગને રાજી કરવાના તમામ પ્રયાસ આજના બજેટમાં કરવામાં આવ્યા હતા. વચગાળાનું બજેટ રજૂ કરતી વેળા મોદી સરકાર તરફથી નાણામંત્રાલયનો હવાલો સંભાળતા નાણામંત્રી પીયુષ ગોયેલે તમામ માટે રાહતો જાહેર કરી હતી. બજેટમાં ગ્રામિણ વિસ્તારો, ગરીબો, ખેડૂતો, મજુરો માટે અનેક મોટ જાહેરાતો કરવામાં આવી હતી. લાંબા સમયથી જેની રાહ જવામાં આવી રહી હતી તે તમામ રાહતો આ બજેટમાં જાહેર કરી હતી. વચગાળાનું બજેટ રજૂ કરતા પીયુષ ગોયેલે કહ્યું હતું કે, પાંચ લાખ રૂપિયા સુધીની વ્યક્તિગત આવક સંપૂર્ણપણે કરમુક્ત રહેશે. સાથે સાથે જુદા જુદા રોકાણ કરવાની સ્થિતિમાં ૬.૫૦ લાખ રૂપિયા સુધીની વ્યક્તિગત આવક ઉપર કોઈપણ પ્રકારના ટેક્સ ચુકવવા પડશે નહીં. વ્યક્તિગત કરવેરા છુટછાટની હદ વધવાથી ત્રણ કરોડ કરદાતાઓને ૧૮૫૦૦ કરોડ રૂપિયા સુધી લાભ મળશે. પગારદાર વર્ગ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શનને ૪૦૦૦૦થી વધારીને

● અનુસંધાન પાન-૭ પર

## પાંચ લાખની વાર્ષિક આવક પર ટેક્સ નહીં : આનંદોત્સવ

**બચતના સાધનોમાં રોકાણ થશે તો વધુ રાહત : સ્ટાન્ડર્ડ ડિડક્શનની મર્યાદા ૫૦૦૦૦ કરાઈ : ડિપોઝિટ પર ૧૦૦૦૦ જગ્યાએ ૪૦૦૦૦ સુધી વ્યાજ નહીં લાગે**



નવીદિલ્હી, તા. ૧

ચૂંટણી વર્ષમાં જેવી ગણતરી હતી તેવું જ બજેટ આજે રજૂ કરવામાં આવ્યું હતું. પાંચ લાખ રૂપિયાની વાર્ષિક આવક ટેક્સ ફ્રી કરી દેવામાં આવી છે. વધારાની આવક ઉપર ફાયદો મળશે નહીં. જો કે, વચગાળાના બજેટમાં પગારદાર વર્ગ, પેન્શનરો, વરિષ્ઠ નાગરિકો અને નાના કારોબારીઓને મોટી રાહત આપવામાં આવી છે. પીયુષ ગોયલે કહ્યું હતું કે, પાંચ લાખ રૂપિયાની વાર્ષિક આવકવાળા કરદાતાઓને ટેક્સમાં છુટછાટ મળશે. તેમને કોઈ ટેક્સ આપવા પડશે નહીં. જો કે, જેમની ટેક્સેબલ આવક પાંચ લાખ રૂપિયાથી વધારે છે તેઓ આની હદમાં આવશે નહીં. કારણ કે ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી. નાણામંત્રીએ કહ્યું હતું કે, જે લોકોની આવક ૬.૫૦ લાખ રૂપિયા સુધીની છે તેમને પણ કોઈ પ્રકારના ટેક્સ ચુકવણી કરવાની ફરજ પડશે નહીં પરંતુ આ લોકો ૮૦સી હેઠળ બચતના સાધનોમાં રોકાણ કરે તો જ લાભ મળશે. સાથે સાથે પહેલાની જેમ બે લાખ રૂપિયા સુધીના હોમલોનના વ્યાજ, એજ્યુકેશન લોન ઉપર વ્યાજ, રાષ્ટ્રીય પેન્શનમાં યોગદાન, મેડિકલ ઈન્સ્યોરન્સ, વરિષ્ઠ નાગરિકોની તબીબી સેવા પર થનાર ખર્ચ જેવા વધારાના ખર્ચની સાથે વધુ વ્યક્તિઓને પણ ટેક્સ ચુકવવા પડશે નહીં. આનાથી મધ્યમ વર્ગના ત્રણ કરોડ કરદાતાઓને કરમાં ૧૮૫૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થશે.

## ખેડૂતોને ખુશ કરાયા દર વર્ષે ૬૦૦૦ જમા

**ત્રણ ઇન્સ્ટોલમેન્ટમાં ખેડૂતોના ખાતામાં જમા થશે : જેમની પાસે બે હેક્ટર જમીન છે તેમના ખાતામાં ૬૦૦૦ જમા થશે : ૧૨ કરોડ ખેડૂતોને સીધો ફાયદો થઇ શકે છે**

નવીદિલ્હી, તા. ૧

નાણામંત્રી પીયુષ ગોયેલે આજે મોદી સરકારના વર્તમાન અવધિના અંતિમ વચગાળાના બજેટને રજૂ કરતી વેળા તમામ વર્ગો માટે મોટી રાહતો જાહેર કરી હતી. ખેડૂતો માટે બજેટમાં અનેક મોટી જાહેરાતો કરવામાં આવી છે જેના ભાગરુપે નાના ખેડૂતોને સૌથી વધારે ફાયદો થશે. પીયુષ ગોયેલે બજેટ રજૂ કરતી વેળા ખેડૂતોને નિરાશ કર્યા વગર તેમના માટે મોટી જાહેરાતો કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ૧૫,૦૦૦થી ઓછી આવક વાળાને મહિને પેન્શન મળશે

**ગ્રેજ્યુએટીની મર્યાદા ૩૦ લાખ કરી દેવાઈ : ૧૦૦ રૂપિયાના માસિક યોગદાન બાદ ૬૦ વર્ષના ગાળા બાદ મજુરને ૩૦૦૦નું પેન્શન : શ્રમિકો માટે ઘણી રાહત**

નવીદિલ્હી, તા. ૧

બજેટમાં પગારદારથી લઈને મધ્યમ વર્ગને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. પગારદાર વર્ગ માટે ગ્રેજ્યુએટી પેમેન્ટ પર મોટા લાભની જાહેરાત કરવામાં આવી છે. સાથે સાથે અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોની આર્થિક સુરક્ષા માટે ખાસ જાહેરાતો કરવામાં આવી છે. વચગાળાના નાણામંત્રી પીયુષ ગોયલે બજેટ રજૂ કરતા શ્રેણીબદ્ધ જાહેરાતો કરી હતી. તેમણે કહ્યું હતું કે, કર્મચારીના નેશનલ પેન્શન સિસ્ટમ અથવા એનપીએસના સરકાર તરફથી ૧૪ ટકાનું યોગદાન આપવામાં આવશે. ગ્રેજ્યુએટી પેમેન્ટની મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૩૦ લાખ રૂપિયા કરવામાં આવી છે.

## સંરક્ષણ બજેટ પ્રથમ વાર રૂપિયા ૩ લાખ કરોડ થયું

**સરહદ પર ફરજ બજાવતા સૈનિકો પર ગર્વ : છેલ્લા ૪૦ વર્ષથી અટવાયેલી વન રેંક વન પેન્શન યોજના અમલી કરી બતાવાઈ છે : ૫૦૦૦ કરોડનો જંગી વધારો**

નવીદિલ્હી, તા. ૧

નાણામંત્રી પીયુષ ગોયેલે સામાન્ય ચૂંટણી પહેલા મોદી સરકારનું અંતિમ બજેટ રજૂ કરતી વેળા વચગાળાના બજેટમાં સંરક્ષણ બજેટ માટે પણ મોટી જાહેરાત કરી હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે સંરક્ષણ બજેટ ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધુનું રાખવામાં આવ્યું છે જે હજુ સુધી કોઈપણ વર્ષની સરખામણીમાં સૌથી વધારે છે. વચગાળાના બજેટ ૨૦૧૯માં શ્રેણીબદ્ધ જાહેરાતો સંરક્ષણ માટે પણ કરવામાં આવી છે. પીયુષ ગોયેલે ૨૦૧૯-૨૦ માટે વચગાળાનું

● અનુસંધાન પાન-૭ પર

## ગાયો માટે કામધેનુ યોજના

ન્યુ દિલ્હી,તા.૧

બજેટ-૨૦૧૯માં નરેન્દ્ર મોદી સરકારે ખેડૂતોને મોટી રાહત આપી છે. નાણામંત્રી પીયુષ ગોયેલે એલાન કર્યું છે કે, સરકાર પશુપાલને પ્રોત્સાહનને વધારવા માટે ખેડૂત ક્રેડિટ કાર્ડ આપશે. જેમાં ગાય પાળનારા લોકોને દર મહિને રૂ.૫૦૦ આપશે. નાણાંમંત્રી પીયુષ ગોયલે આના માટે કામધેનું યોજનાની જાહેરાત કરતા સરકારે કહ્યું કે, સરકાર ગૌ માતા માટે પાછીપાની નહીં કરે.

નાણામંત્રીએ જણાવ્યું કે, કામધેનું યાજના ઉપર રૂ.૭૫૦ કરોડ ખર્ચ થશે. જેમાં ગાયની નસલની સુધારણા ઉપર પણ કામ થશે. સરકારે જાહેરાત કરી હતી કે, ખેડૂતોને પશુપાલન અને માછલી પાલન માટે લોનમાં બે ટકા વ્યાજ છૂટ આપવામાં આવશે. આ સાથે જ તેમણે કહ્યું કે પ્રાકૃતિક આપદાથી ઝઝૂમી રહેલા દરેક ખેડૂતોને ૨ ટકા અને વધારાના ત્રણ ટકા એટલે કે કુલ ૫ ટકા વ્યાજ છૂટ અપાશે.

## બજેટમાં રેલવેને ૧.૫૮ લાખ કરોડ રૂપિયાની વિક્રમી ફાળવણી

**તમામ પ્રોજેક્ટોને ઝડપથી ટ્રેક ઉપર આગળ વધારવા જાહેરાત : ભારતીય રેલવે માટે સૌથી સુરક્ષિત ગાળો રહ્યો હોવાનો ધડાકો : વંદે ભારત એક્સપ્રેસ નામની ટ્રેન-૧૮ વર્લ્ડક્લાસ રહેશે : પ્રવાસી ભાડામાં વધારો નહીં**



નવીદિલ્હી, તા. ૧ નાણામંત્રી પીયુષ ગોયલે વચગાળાના બજેટની સાથે સાથે રેલવે બજેટ પણ રજૂ કર્યું હતું જેમાં રેલવેને ૧.૫૮ લાખ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી હતી. ગોયલે દાવો કર્યો હતો કે, આ રકમ હજુ સુધીની સૌથી જંગી રકમ છે. નેશનલ ટ્રાન્સપોર્ટર માટે અગાઉ ક્યારે પણ આટલી જંગી જાહેરાત થઈ નથી. તમામ પ્રોજેક્ટો ટ્રેક ઉપર ઝડપથી આગળ વધે તે હેતુસર આની જાહેરાત કરી હતી. રેલવે મંત્રી તરીકેની જવાબદારી પણ સંભાળતા પીયુષ ગોયેલે કહ્યું હતું કે, ૨૦૧૮-૧૯ ભારતીય રેલવે માટે સૌથી સુરક્ષિત રહ્યું છે. તમામ માનવ વગરના રેલવે ક્રોસિંગ જે બ્રોડગેજ નેટવર્ક ઉપર હતા તેમને દૂર કરવામાં આવ્યા છે. રેલવેના કેપિટલ એક્સેન્ડચર પ્રોગ્રામનો આંકડો ૧.૩ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે. સ્વદેશીરીતે વિકસિત કરવામાં આવેલી સેમી હાઈસ્પીડ ટ્રેન જેને વંદે ભારત એક્સપ્રેસ નામ આપવામાં આવ્યું છે તેના ભારતીય યાત્રીઓને વર્લ્ડક્લાસ અનુભવ થશે. અમારા એન્જિનિયરો દ્વારા સંપૂર્ણ ટેકનોલોજી વિકસિત કરવામાં આવી છે. આનાથી મેક ઈન ઈન્ડિયા પ્રોગ્રામને વેગ મળશે અને વ્યાપક નોકરીની તકો સર્જાશે.

## નોટબંધી બાદ પહેલી વખત વધુ ૧ કરોડ કરદાતાઓએ ટેક્સ રિટર્ન ભર્યુ : નાણાંમંત્રી

**કાળુનાણું પકડવા માટે સરકારે ૩.૩૮ લાખ બેહિસાબી કંપનીઓનું રજિસ્ટ્રેશન લાયસન્સ કેન્સલ કર્યુ : સરકારે ૧,૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું કાળુ નાણું પકડ્યુ**

ન્યુ દિલ્હી,તા.૧

કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીની અનુસ્થિતિમાં આ વખતે નાણામંત્રી પિયુષ ગોયલ વચગાળાનું બજેટ રજૂ કરી રહ્યાં છે, બજેટમાં મધ્યમ વર્ગ અને કામદારો-નોકરીયાતોને લોભાવવાની કેટલીક જાહેરાતો કરવામાં આવી. સાથે સાથે નોટબંધી અને ઈક્રમ ટેક્સ અંગે પણ કેટલાક ખુલાસા કર્યા હતા.

બજેટ રજૂ કરતાં નાણામંત્રી પિયુષ ગોયલે કહ્યું કે, નોટબંધી દેશ માટે સારુ પગલુ સાબિત થયુ. નોટબંધી બાદ દેશમાં લગભગ એક કરોડથી વધુ લોકોએ ઈક્રમ ટેક્સ રિટર્ન ભર્યુ.

ગોયલે કહ્યું કે, ગયા વર્ષે જેટલા ઈક્રમ ટેક્સ રિટર્ન ભરાયા, જેમાંથી ૯૯.૫૪ ટકા રિટર્ન ફાઇલ કરતાં જ કોઈપણ જાતનું ચેકિંગ કર્યા વિના જ સ્વીકૃત કરવામાં આવ્યા. ઈક્રમ ટેક્સ વિભાગને ઓનલાઈન કરવામાં આવ્યુ. હવે અધિકારીઓ અને કરદાતાઓ આમને સામને નહીં થાય. હવે ૨૪ કલાકમાં જ ઈક્રમ ટેક્સ રિટર્ન પ્રૉસેસ થશે અને તરત જ રિફંડ આપવામાં આવશે. પિયુષ ગોયલે ૨૦૧૯નું વચગાળાનું બજેટ રજૂ કરતાં કાળાનાણાંને લઈને મોટા ખુલાસા કર્યો હતો. પિયુષ ગોયલે કહ્યું કે, અમારી સરકારે કાળાનાણાંને પકડવામાં ખાસ અને મહત્વના પગલા ભર્યા.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

Angel Hostel & PG
(Boy's & Girl's)
● શુદ્ધ સાત્વિક નાસ્તો-ભોજન
● બેડીંગ વ્યવસ્થા, પલંગ, ગાદલુ
● પર્સનલ લોકરની સુવિધા
● ગરમ પાણીની સુવિધા
● R.O. & ફ્રીજનું પીવા માટે પાણી
● નોકરીયાત માટે અલગ સુવિધા
સેક્ટર-૭ડી, સેક્ટર-૮બી
મો. ૯૮૨૪૭ ૧૫૫૭૮

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

નિ:શુલ્ક નિદાન કેમ્પ નિ:શુલ્ક નિદાન કેમ્પ નિ:શુલ્ક નિદાન કેમ્પ
શંકરસિંહ વાઘેલા બાપુ આયુર્વેદીક હોસ્પીટલ
BAPU GUJARAT KNOWLEDGE VILLAGE
નિ:શુલ્ક નિદાન કેમ્પ
વાયુના લીધે થતા રોગો સાંધાના વા, સંધિવાત, આમવાત, ગઠીયો વા, કમરનો દુ:ખાવો, ગરદનનો દુ:ખાવો, મણકાનો દુ:ખાવો-ઘસારો, ઢીંચણના દુ:ખાવો-ઘસારો, નસ દબાવી (સાયાટીક) વગેરે.
પેટના રોગો એસિડીટી, કબજિયાત, ગેસ, અપચો, ભૂખ ન લાગવી, પેટનો દુ:ખાવો વગેરે.
સ્ત્રીઓને લગતા રોગ અનિયમિત માસિક, માસિક સમયે પેટનો દુ:ખાવો, સફેદ પાણી, વ્યંધત્વ, શરીરના બનવું વગેરે.
રોજિંદા રોગો બલડ પ્રેશર, ડાયબીટીશ, વધતુ વજન, થાઈરોઈડ, હરસ, મસા, ભગંદર, પિતાશયની પથરી, કિડનીની પથરી વગેરે.
ચામડીના રોગ સોરાયસીસ, અરટીકેરીયા, દાદર, ખરજવુ, ખીલ, ખંજવાળ, સફેદ ડાઘ વગેરે.
વાળના રોગો ખરતા વાળ, સફેદ વાળ, ટાલ પડવી વગેરે.
લીંગેશ્વર ફાર્મસીની બધી જ આયુર્વેદીક પ્રોડક્ટ ઉપર ૧૦% ડિસ્કાઉન્ટ
નિ:શુલ્ક નિદાન કેમ્પ માટે નું સ્થળ
સમર્પણ પબ્લિક સ્કૂલ
ખ-૭ સમર્પણ સર્કલ, સેક્ટર - ૨૮, ગાંધીનગર - ૩૮૨૦૨૮
તા. ૩-૨-૨૦૧૯ થી તા. ૨-૨-૨૦૨૦ સુધી ડિસ્કાઉન્ટ માટે આ પેમ્ફ્લેટ સાથે લઈને આવવું
તારીખ : ૦૩-૦૨-૨૦૧૯ સમય : સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી મો. ૭૦૪૧૯૦૫૪૨૮

લીંગેશ્વર ફાર્મસી દ્વારા આયોજીત